**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૦૮/૦૩/૨૦૧૬ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૪૮/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી ૨૭૫ લીટર દેશી દારૂ, ૧૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૨ બિયરટીન, ૦૧ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૪૯/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૪૫૦/૧૬**

**વાડજ :** મહેન્દ્રભાઇ ગોપાલભાઇ દંતાણી (રહે.રેવા આવાસ, અર્જુન આશ્રમરોડ, ગ્રીન સીટીની બાજુમાં, નિર્ણયનગર) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૩/૧૬ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી જયશ્રીબહેન (ઉ.વ.૧૪) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.જી.રાઠોડ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૪૫૧/૧૬**

**અમરાઇવાડી :** મનજીતકોર મહેન્દ્રસિંહ સિન્ધુ (રહે.ગુ.હા.બોર્ડ, સર્વોદયનગર હાટકેશ્વર અમરાઇવાડી) એ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૩/૧૬ બપોરના ૪/૦૦ થી તા.૭/૩/૧૬ સવારના ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરનાં દરવાજાનુ તાળુ, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૮,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.જી.સોલંકી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૪૫૨/૧૬**

**ઘાટલોડીયા :** ધર્મિષ્ઠાબહેન લાલકિશનભાઇ પટેલ (ઉ.વ.૪૬) (રહે.અપૂર્વ બંગ્લોઝ, સહેલી પાર્ટી પ્લોટની સામે, મેમનગર રોડ) માનસીક બીમારીથી કંટાળી તા.૭/૩/૧૬ બપોરના ૧/૦૦ થી ૩/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એન.વિરાણી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**રિવરફ્રંટ વેસ્ટઃ (૧)** રામજી અમરતલાલ ખૈણીયા (ઉ.વ.૨૬) (રહે.છારાનગર, પીરાણારોડ, બહેરામપુરા) એ કોઇ અગમ્ય કારણસર તા.૭/૩/૧૬ બપોરના ૧/૨૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે આંબેડકરબ્રીજ નીચે નદીનાં પશ્ચીમ છેડે નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો. શ્રી હસમુખભાઈ મગનભાઈ ચલાવે છે

**(૨)** તા.૭/૩/૧૬ બપોરના ૧૨/30 વાગ્યા પહેલા કોઇપણ સમયે નહેરૂબ્રીજ નીચે નદીનાં પશ્ચીમ છેડે ઘાટ નંબર-૮ નજીક કોઇ અજાણી સ્ત્રી (૪૦ થી ૫૦ વર્ષના આશરાની) એ કોઇ અગમ્ય કારણસર નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જી.ડાભી ચલાવે છે.

.

**(૩)** તા.૭/૩/૧૬ બપોરના ૩/૧૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે ગાંધીબ્રીજ-નહેરૂબ્રીજ વચ્ચે, નદીનાં પશ્ચીમ છેડે ઘાટ નંબર-૬ નજીક કોઇ અજાણ્યો પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાનો) એ કોઇ અગમ્ય કારણસર નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઈ મગનભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)